# પ્રેસનોટ

## “આંતરરાષ્ટ્રીય મહિલા  દિવસની ઉજવણી”

સુરત મહાનગરપાલિકા દ્વારા “આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી”ની ઉજવણીના ઉપલક્ષ્યમાં નારી જગતની જાગૃતિ,  એકતા અને સંગઠન ભાવનાની જયોત પ્રબળ બને તે હેતુથી તા.૦૬/૦૩/૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સાયન્સ સેન્ટર ઓડિટોરીયમ, સીટીલાઇટ રોડ, સુરત ખાતે સમાજના  વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનાર મહિલાઓના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપપ્રાગ્ટથી કરવામાં આવી હતી. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઇએ ઉપસ્થિત સર્વેને સુરત મહાનગરપાલિકા વતી આવકારીને આંતરરાષ્ટ્રીય મહિલા  દિન ઉજવણીની શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદ્દબોધનમાં શાસક પક્ષ નેતાશ્રી શશીબેન ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, દેશના વિકાસમાં મહિલાઓની ભાગીદારી જેટલી મજબુત હશે, એટલો જ આપણો સમાજ વધુ સમૃધ્ધ અને પ્રગતિશીલ બનશે. ત્યારબાદ માન.મેયરશ્રી દક્ષેશભાઇ માવાણીએ તમામ મહિલાઓને આંતરરાષ્ટ્રીય મહિલા  દિનની શુભેચ્છા પાઠવી મહિલાઓના સર્વાંગી  વિકાસ માટે રાજય સરકાર અને ભારત સરકાર દ્વારા સ્ત્રી સશકિતકરણની વિવિધ યોજનાઓના અમલીકરણ થકી મહિલાઓને આત્મનિર્ભર બનીને સમાજમાં વધુ સક્રિય રીતે જોડાવવા તથા આજના સમયમાં મહિલાઓ  શિક્ષણ, વિજ્ઞાન, સાહિત્ય, રમતગમત વિવિધ ક્ષેત્રે પોતાની પ્રતિભા સાબિત કરીને સમાજને નવીન દિશા પુરી પાડી રહી છે. એમ જણાવ્યું હતું.

આ પ્રસંગે મહિલા મ્યુ.સદસ્યશ્રીઓ, મહિલા પત્રકારશ્રીઓ, વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરેલ મહિલાઓ, સુરત મહાનગરપાલિકાના સફાઇ મહિલા કર્મચારીઓનું ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે સાડીથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માન સમારોહમાં માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી, શાસક પક્ષ નેતાશ્રી શશીબેન ત્રિપાઠી, શાસક પક્ષ દંડકશ્રી ધર્મેશભાઇ વાણીયાવાલા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઇ,  વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, ઉપાધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીગણ, પ્રિન્ટ અને ઇલેકટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ અને શહેરના નગરજનોએ ઉપસ્થિત રહી સન્માનિત સન્નારીઓનો ઉત્સાહ વધારી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સમાચારયાદી નં.૬૦૯,તા.૨૬/૦૩/૨૦૨૬,

જનસંપર્ક  વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.


Freeze
સુરત મહાનગરપાલિકા
આંતરરાષ્ટ્રીય


મહિલા દિન


સુરત મહાનગરપાલિકા
આંતરરાષ્ટ્રીય
મહિલા દિન
ઉજવણી
"મહિલા સન્માન સમારોહ"


Freeze
સુરત મહાનગરપાલિકા
આંતરરાષ્ટ્રીય
મહિલા દિન